dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

March 2010 For private circulation only Vol. 02 - Issue 30

સદા સૌમ્યશી વૈભવે ઊભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી.
રમે અન્ય સખીઓ થકી દેઈ તાળી, સુધા કર્ણ સીંચે ગુણાળી રસાળી.
કરે બોલતા જે, ભર્યા ભાવ છાતી, રમો માતૃભાષા મુખે ગૂજરાતી.
મળી હેમ આશિષ, નરસિંહ-મીરાં, થયા પ્રેમભટ ને અખો ભકત ધીરા.
પૂજી નર્મદે કાન્ત ગોવર્ધન જે, સજી ન્હાનલે કલ્પનાભવ્ય તે જે.
ધ્રુવા સત્ય-સાથી અહિંસા-સુહાતી, નમો ધન્ય ગાંધીગિરા ગૂજરાતી.

ઉમાશંકર જોષી

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

વિચારશકિત એ તમામ શકિતના સ્ત્રોતોમાં સૌથી મોટી શકિત છે. ઉન્નતિ તથા પતનની એ અધિષ્ઠાત્રી છે. માનવે વિચારશકિતના બળથી દુનિયાને પ્રયોગશાળા જેવી સુનિયોજિત તથા ચિત્રશાળા જેવી સુસજ્જિત બનાવી છે. વિચારશકિતને પ્રગટાવવાનું કાર્ય એટલે ગુજરાતના સુવર્ણ જયંતી વર્ષમાં ગુજરાતની પ્રજામાં વાચનની અભિરૂચિ કેળવવાનું 'વાંચે ગુજરાત' અભિયાન. 'વાંચે ગુજરાત' અભિયાન એટલે વિશિષ્ટ પ્રયત્નો થકી લોકમાનસના શુધ્ધિકરણ દ્વારા વિચારક્રાંતિની મશાલ પ્રગટાવવાનું ભગીરથ કાર્ય. 'વાંચે ગુજરાત' અભિયાન એટલે બીજી રીતે કહીએ તો 'જ્ઞાનયજ્ઞ'નું કામ. રાજા જનમેજયે પોતાના પિતાને કરડનાર તક્ષત નાગના ઉધ્ધાર માટે 'જ્ઞાનયજ્ઞ' શરૂ કર્યો હતો. 'સ્વર્ણિમ ગુજરાત'ના વર્ષમાં ઉજ્જવળ સંસ્કૃતિના આત્માના પતન કરનારા કુવિચારો તથા કુસંસ્કારોરૂપી સર્પોના નાશ માટે 'વાંચે ગુજરાત'ના 'જ્ઞાનયજ્ઞ'માં આહૂતિ આપવા તૈયાર થઈએ. ઉપેક્ષા કરનાર અને અરૂચિ પ્રગટ કરનારા લોકોને પણ ઉત્કૃષ્ટ વિચારોને વાંચવા, સાંભળવા તથા સમજવા માટે પ્રેરણા પૂરી પાડીએ. 'વાંચે ગુજરાત'ના આ અભિયાનમાં 'જ્ઞાનગંગા'ના અવતરણ માટે ભગીરથોની ભૂમિકા ભજવવા ઉચ્ચશિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા સૌ કટિબધ્ધ બનીએ તથા 'જ્ઞાનયજ્ઞ'માં તર્પણ કરવા તૈયાર થઈએ.

આવો, આપણા ભવ્ય ભૂતકાળ તરફ નજર ફેરવીએ. કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય રચિત ''સિધ્ધહેમ શબ્દાનુશાશન'', -આપણી ભાષાનો પ્રથમ વ્યાકરણ ગ્રંથ, જેની પધરામણી હાથીની અંબાડી પર મૂકી ગુરૂ હેમચંદ્રાચાર્ય સૂરી તથા રાજાધિરાજ સિધ્ધરાજ જયસિંહ દ્વારા પગરખા પહેર્યા વિના ખુલ્લા પગે શોભાયાત્રામાં સામેલ થઈ મા સરસ્વતીનું સન્માન એ વિશ્વ સાહિત્યમાં સર્વ પ્રથમ અને અજોડ એવું ગુર્જરીગિરાનું સુવર્ણાક્ષરે અંકિત થયેલ પૃષ્ઠ છે.

વકીલાતની ધીકતી કમાણી છોડીને માત્ર સાહિત્ય સર્જન માટે જીવન સમર્પિત કરનાર ગોવર્ધનરામ ત્રિપાઠી તથા કલમની સામે જોઈને આંખોમાં ઝળઝળિયાં સાથે ''આજથી હું તારા ખોળે છઉં'' એમ કહીને શિક્ષકની નોકરી છોડીને બેકારીમાં જીવન જીવનાર નર્મદને આપણે કેમ વિસારી શકીએ ? મધ્યકાલીન કવિ પ્રેમાનંદે ''શું -શાં પૈસા ચાર'' ગણાયેલી ગુજરાતી ભાષાને અન્ય ભાષાઓ જેવી સમોવડી ન બને ત્યાં સુધી પાઘડીનો ત્યાગ કરીને ઉઘાડે માથે ફરનારને લોકજીભે જીવતો રાખવામાં ભણતર તથા ઘડતરથી એક ડગલું આગળ ગણતરમાં માનતી તથા તેમાં પાકકી આ પ્રજાને ગુજરાતના સુર્વણજયંતી ટાણે 'વાંચે ગુજરાત'ના અભિયાન થકી નવી પેઢીના જીવન તથા સંસ્કાર ઘડતર માટેના અભિનવ જનઆંદોલનમાં સક્રિય થવા આહ્‌વાહન છે.

આપણા યુગનો વીર દ્રષ્ટા કવિ નર્મદ ગાઈ ગયો : 'જય જય ગરવી ગુજરાત'. કવિ સુન્દરમ્ વિવેચન કરતાં લખે છે કવિ કયા જયની વાત કરે છે ? ''વેપારી કુશળતા ? વ્યવહારની દક્ષતા ? સંયોજન-આયોજનની કાબેલિયત ? એટલું જ કે એથી કાંઈ વિશેષ ? ગુજરાતની અંતરતમ વસ્તુ શી છે ? ગુજરાતની મહત્તમ વસ્તુ શી છે ? ...એનો જવાબ મીરાં-નરસિંહમાં છે, એના સેંકડો સંત સાધુ પુરૂષોમાં છે, એને આંગણે વસી ગયેલા કૃષ્ણ અને અશોક અને ગુપ્તોમાં છે, વનરાજ અને સિધ્ધરાજમાં છે, ગોવર્ધનરામ અને આનંદશંકર, ગાંધીજી અને સરદારમાં છે, એના સમર્થ વણિકોમાં છે, એના મહાન સેવાભાવી સેવકો ઠકકરબાપા અને રવિશંકર મહારાજમાં છે, એના મહાન કવિઓ ન્હાનાલાલ અને પ્રેમાનંદમાં છે.'' આવા ગુજરાતનો આત્મા, ગુજરાતનું હૃદય ધબકતું રહી શકે માત્ર અને માત્ર તેની ભાષાના સતત વિકાસ થકી. ગુજરાતી જયાં પણ જાય, તેનો આત્મા-ગુજરાતી ભાષાને ત્યાં બીજ તરીકે વાવે અને તેનો

ઘટાદાર આંબો તૈયાર થાય તે માટે જરૂરી છે 'ગીરા ગુર્જરી'ને 'વિશ્વગુર્જરી' બનાવવાની. આ માટે છે - 'વાંચે ગુજરાત'નું જન આંદોલન.

ગુજરાતી સાહિત્ય પરિષદના ૪૫મા અધિવેશન ટાણે સ્વામી સચ્ચિદાનંદજીએ આશીર્વચનમાં કહેલું કે, "પ્રજા માત્ર રોટલાથી જ નથી જીવતી, તેને જીવવા માટે ગૌરવ જોઈએ. ગૌરવ વિનાની પ્રજા અને પડદામાં કશો ફરક નથી. પ્રજાને ગૌરવ અપાવનાર ચાર તત્વો છે : તેનો ગૌરવભર્યો ઈતિહાસ, તેનાં ગૌરવભર્યા સ્થાપત્યો, તેની ગૌરવભરી સંસ્કૃતિ અને તેની ગૌરવભરી ભાષા. આ ચારમાંથી જેની પાસે જેટલું વધારે હોય, તેને તેટલું જ ગૌરવ મળી શકે. ગૌરવ એ વિટામીન છે. જેમ વિટામીન વિના શરીર ફિક્કું અને દુર્બળ થઈ જાય તેમ પ્રજા પણ ફિક્કી અને દુર્બળ થઈ જાય." 'વાંચે ગુજરાત' અભિયાન થકી આ વિટામીન પ્રાપ્ત કરવાનું અંતિમ લક્ષ્ય છે તેમ કહીએ તો જરાય અતિશયોકિત નથી. 'વાંચે ગુજરાત' અભિયાન થકી 'ગિરાગુર્જરી'ને 'વિશ્વગુર્જરી' બનાવવાની સતત વિકસતી પ્રક્રિયાને નવજીવન બક્ષવા માટે દરેક ગુજરાતીમાં સંવેદના જગાડવાનો લોક ભાગીદારી થકીનો 'સુવર્ણ જયંતી' વર્ષનો સૌથી ઉત્તમ પ્રકલ્પ છે. સર્વાંગી ચિરંજીવી વિકાસની તેમાં જડીબુટ્ટી રહેલી છે.

પ્રસિધ્ધ ભાષાશાસ્ત્રી એન્ડ્રયુએ પોતાના પુસ્તક 'Language in Danger'માં ચેતવણી આપી છે કે : ૨૧મી સદીના અંત સુધીમાં વિશ્વની લગભગ ૨૫૦૦ જેટલી ભાષાઓ મૃતપ્રાય થઈ જશે. આપણે પણ સવેળા જાગવાનું છે કે ગુજરાતી માત્ર બોલ ચાલની 'બોલી' ન રહી જાય તે માટે પ્રત્યેક ગુર્જરવાસીના રોમ રોમમાં નરસિંહ ...નર્મદ ... મેઘાણી ... મુનશી ... ઉમાશંકર ... જેવા અનેક સાહિત્યકારોની કૃતિઓ જનમાનસમાં અંકિત થયેલી રહે તે માટેના વિશિષ્ટ પ્રયત્નો જરૂરી છે. આપણે ગુજરાતની 'અસ્મિતા'નું રટણ જરૂર કરીએ છીએ પરંતુ એ 'અસ્મિતા'ની ઓળખ સમી માતૃભાષા ગુજરાતી માટે બે-ફિકર રહીએ તે કેમ ચાલે ? ભારતીય સંસ્કૃતિના મૂળ તત્વો - હૃદયની વિશાળતા, સહિષ્ણુંતા તથા ઉદારતાના ગુણો ગુજરાતી પ્રજાની તોલે કોઈ આવે તેમ નથી. આમ છતાં, પોતાની માતૃભાષા માટે ગુજરાતી પ્રજાનાં હૃદયમાં સ્થાન જેમ માતાનું હોય તેવું આદરપાત્ર નથી. આ મ્હેણું ભાગવા માટે સજ્જ થવું એટલે 'વાંચે ગુજરાત'.

'વાંચે ગુજરાત' અભિયાનને અન્ય દ્રષ્ટિકોણથી જોઈએ તો આપણું વાચન એ જ આપણા જીવનનું સાચું પ્રતિબિંબ છે. ગાંધીજી, સોક્રેટિસ, લિંકન, નહેરૂ કે વિનોબાના જીવન-ઘડતરને તપાસીએ તો તેમના વિકાસમાં પુસ્તકો થકી વિચાર-ઘડતરનો મહત્ત્વનો ફાળો રહયો છે.

વાચનનો મુખ્ય ઉદ્દેશ્ય વિચારો અને લાગણીઓનું યથાર્થ અર્થગ્રહણ કરવાનો છે. આનંદાનુભૂતિ થકી જ્ઞાન પ્રાપ્તિ થાય તો જ સોનામાં સુગંધ ભળે તેવો માહોલ રચાય. માત્ર અને માત્ર માહિતીનો ઢગલો મસ્તિકમાં ભરવો એ તો સમજણ વિનાની, લક્ષ્ય વિનાની માત્ર ને માત્ર મજૂરી છે. વાચન સમજણપૂર્વક અને અર્થગ્રહણયુકત બનવું જોઈએ. યુવા પેઢીના વિકાસમાં વાચન અને વિચાર બંને પાયાનાં ઘટકો છે. વિચાર ઘડતર માટે વાચન એ પાયાની શરત છે. કેમ કે વિચારનું ઉદ્ભવસ્થાન જ વાચન છે. બીજી રીતે વાતને મૂકીએ તો જે સતત વાંચતો હોય, વિચારતો હોય અને વિકસતો હોય તેને જ યુવાન કહી શકાય. આમાં ઉંમર કયાંય આવતી જ નથી.

'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત ગુજરાતભરમાં વિવિધ પ્રકારના આયોજન હાથ ધરાશે. અભિયાનના લક્ષ્યાંકો છે : ૨૫ લાખ વિદ્યાર્થીઓ ૧ કરોડ પુસ્તકો વાંચે, બધી જ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓ સહભાગી થાય, ૫૦,૦૦૦ ગ્રંથ સારથિ (માર્ગદર્શક) શિક્ષકો અને ૧૦,૦૦૦ નિર્ણાયકો યોગદાન આપે, ૧૫૦૦૦ ગ્રંથયાત્રાઓ અને ૧૫,૦૦૦ પ્રેરણાસભાઓનું આયોજન, ૨૫૦૦ વિચાર-વાચન શિબિરો અને ૨૫,૦૦૦ શેરી વાર્તાલાપો, એક લાખ પુસ્તકો તરતાં મૂકવામાં આવે, ૧૦૦૦ સ્થળે 'મને ગમતું પુસ્તક' વાર્તાલાપો થાય, તથા ૩૦૦૦ જેટલાં ગ્રંથમંદિરો (વાચનકેન્દ્રો) નિર્માણ કરવામાં આવે.

આ તમામ પ્રકલ્પો લોક ભાગીદારીથી થાય તેવી નેમ છે. 'તરતું પુસ્તક' અભિયાનમાં એક પુસ્તકદાતા પોતાને ગમતું પુસ્તક વાંચે અને તે એક પુસ્તકમિત્રને આપે. આ રીતે ૧૧ પુસ્તક મિત્રો તે પુસ્તક વાંચ્યા પછી તે કોઈ પુસ્તકાલયને ભેટ આપવામાં આવશે. આવા તરતા પુસ્તક ઉપર પુસ્તકયાત્રાની વિગતો દર્શાવતું સ્ટીકર હશે. જેમાં પુસ્તકદાતા જેના તરફથી પુસ્તક તરતું મુકાયું છે તેની વિગતો હશે. ત્યારબાદ જે જે પુસ્તકમિત્ર દ્વારા તેનું વાચન થયેલ છે તેમનું નામ, પુસ્તક આપ્યા તારીખ તથા ફોન નંબર હશે. અગિયાર પુસ્તકમિત્રોના વાચન પછી કઈ લાયબ્રેરીને તે ભેટ આપ્યું તેની વિગત પણ સ્ટીકરમાં નોંધાશે. આવા ઓછામાં ઓછા એક લાખ પુસ્તકો તરતાં મૂકાશે. સમગ્ર વર્ષ દરમ્યાન આ પ્રવૃત્તિ ચાલશે.

ઉચ્ચશિક્ષણ સાથે સંકળાયેલ સૌ સંસ્થાઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ, આચાર્યો તથા તમામ હિતધારી પક્ષકારો આ તરતા પુસ્તકની યોજનામાં જોડાય તે સહજ અપેક્ષિત છે. દરેક અધ્યાપક પણ પોતાને ગમતું પુસ્તક તરતું મૂકે તેવી અપેક્ષા સહજ છે.

'વાંચે ગુજરાત' અભિયાનના માહિતીપત્રના સમાપનની વિગતોથી વાત પૂરી કરીશ.

"સિધ્ધહેમથી શરૂ કરી ભકિતયુગ, પંડિતયુગ, ગાંધીયુગ અને આધુનિક સાહિત્ય તેમજ વિશ્વસાહિત્યના પ્રવાહોનું એક આચમન એટલે વાંચે ગુજરાત, ગુજરાતની પ્રજાને વાચનનું ઘેલું લગાડવાની એક અનોખી કોશિશ એટલે વાંચે ગુજરાત. ગુજરાતની ક્ષિતિજ પર જ્ઞાનના સૂર્યનો ઉદય એટલે વાંચે ગુજરાત અને વિશ્વ હવે કહેશે...

વાઈબ્રન્ટ બનીને નાચે ગુજરાત,
જ્ઞાનના આભમાં રાચે ગુજરાત
પ્રેરણા આપે છે સાચે ગુજરાત
જુઓને આ કેટલું વાંચે ગુજરાત !"

૩૧ માર્ચ, ૨૦૧૦

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## Journal




VNSGU Journal of Humanities and Social Sciences (A Biannual Publication, Vol.1, Issue : 2, July - December 2009). Patron : Prof. B. A. Prajapati. Editorial Board : (Chief Editors : Prof. E.V. Ramakrishan, Prof. Suguna Pathy. Editors : Prof. Kiran Pandya, Dr. Damayanti Parmar, Prof. Subhadra Raghotaman, Prof. Rakesh N. Desai, Dr. Kalpana Rao) ISSN 0975 - 637X

## 43rd Annual Report

**સંપાદક મંડળ :**

ડૉ. કિરણભાઈ પંડયા (કન્વીનર), ડૉ. વેંકટરામન, ડૉ. રાકેશભાઈ દેસાઈ, ડૉ. મીનુભાઈ એસ. પરબીયા, ડૉ. અપૂર્વભાઈ એ. દેસાઈ, ડૉ. આર. ડી. પટેલ, ડૉ. જે.પી. ગોહિલ, ડૉ. પી.એચ. ભાઠાવાલા, ડૉ. વિક્રમભાઈ દેસાઈ, ડૉ. પી. બહાદુર, ડૉ. જે.એમ. ગુર્જર, ડૉ. કે.સી. પોરીયા, ડૉ. જે.એમ. નાયક



## National Seminar



The Department of English organized a National Seminar on the theme of "History, Memory and Literature - Indian Contexts" on 5th March, 2010, on the University campus. In the inaugural session Presided over by the Vice-Chancellor, Prof. B.A. Prajapati, Prof. E.V.Ramakrishnan, Head of the Department, welcomed the invited guests and delegates and gave a brief introduction to the subject of the seminar. In his inaugural speech Prof. Avadhesh K. Singh explained the significance of the subject chosen for the seminar. In his presidential address, Vice-Chancellor outlined the various administrative and academic projects initiated by the University.

In the three sessions that followed Prof. Jasbir Jain (Former Professor of University of Rajasthan, Jaipur), Prof. Udayakumar (Delhi University), Prof. Avadhesh K. Singh (Saurashtra University), Dr. Gita Viswanath (Baroda), Dr. Sharifa Vijliwala and Shri Ravindra Parekh (Surat) presented papers which were followed by detailed discussions. Over 120 delegates consisting of lecturers from affiliated colleges and research scholars and P.G. students from the Department attended the seminar.

## પરિષદ



રિસર્ચ મેથોડોલોજી ડિપાર્ટમેન્ટ એન્ડ ઈન્ટરડીસીપ્લીનરી સ્ટડીઝ ઈન સોશ્યલ સાયન્સીસના ઉપક્રમે દક્ષિણ ગુજરાતમાં માનવ વિકાસની સમસ્યાઓ અને પડકારો અંગે તા. ૨૧/૩/૨૦૧૦ ના રોજ રાજય કક્ષાની પરીષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિષદમાં ગુજરાતના વિવિધ પ્રાંતમાંથી ૧૫૦ પ્રતિનિધિઓ અને તજજ્ઞોએ ભાગ લીધો હતો. તથા પરિષદમાં ૩૧ શોધ પત્રો રજૂ થયા હતા.

ડો. વિદ્યુત જોષી, ડો. રોહિત શુકલ, ડો. દેવી પ્રસાદ, ડો. ભાસ્કર મજમુદાર, ડો. બી.વી. આચાર્ય, પ્રા. હેમંત શાહ વગેરેએ તજજ્ઞ તરીકે સેવા આપી હતી. માનવ વિકાસ કચેરીના નિયામકશ્રી જી.કે.વ્યાસ, શ્રી ઉમેશ શર્મા, માઈક્રો ઈન્કના વાઈસ પ્રેસીડન્ટ અને શ્રી અતુલ પંડયા, વાઈસ પ્રેસીડન્ટ એસારના તજજ્ઞોએ રાજય સરકાર અને કોર્પોરેટ ક્ષેત્રનો માનવ વિકાસમાં શું ફાળો છે, તેની વિગતો પુરી પાડી હતી. ડાૅ.સુભદ્રા રગોથ્થમન, શ્રી સત્યકામ જોષી અને ડાૅ. શ્રીનિવાસ રાવે સત્ર પ્રમુખ તરીકે સેવા આપી હતી. યુનિવર્સિટી સત્તામંડળના સભ્યો, કુલસચિવશ્રી અને આમંત્રિત મહેમાનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર આયોજનમાં કુલપતિશ્રી બી. એ. પ્રજાપતિ અને યુનિવર્સિટી વહીવટી તંત્રનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

ઉદ્દઘાટન પ્રસંગે ડો. વિદ્યુત જોષીએ જણાવ્યું હતું કે, આર્થિક વૃધ્ધિના બદલે માનવ વિકાસની વિભાવના મહત્વની છે. યુનાઈટેડ નેશનલ ડેવલપમેન્ટ પ્રોગ્રામે ૧૯૯૦માં પ્રથમ અહેવાલમાં સ્વાસ્થ્ય, શિક્ષણ અને સ્ત્રી - પુરુષ તુલનાના માનાંકો ઊભા કરીને અહેવાલ આપ્યો. આ ઉપરાંત વિકાસના લોકોની ભાગીદારી, ગરીબી નાબુદી, માનવ અધિકારો, ટકાઉ વિકાસ અને સ્થળાંતરના મુદ્દાઓને પણ માનવ વિકાસમાં લેવામાં આવે છે. ગુજરાત રાજય જે આર્થિક વિકાસમાં પ્રથમ નંબરે છે તેને ત્રણ વર્ષ પહેલાં માનવ વિકાસના મુદ્દે પણ ગુજરાતને આગળ લાવવાની પહેલ કરી. ગુજરાતના જિલ્લાવાર માનવ વિકાસ અહેવાલ તૈયાર થયા. હવે દક્ષિણ ગુજરાતની વિશેષ સ્થિતિ જોઈને દક્ષિણ ગુજરાતના માનવ વિકાસના અહેવાલ અંગે વાત ચાલે છે. આદિવાસીના દરિયા કાંઠાના લોકોના વિકાસ અધિકારો, સ્થળાંતર, લોકોના પ્રશ્નો, મહિલાઓ, ઝુંપડપટ્ટીના લોકો તથા દક્ષિણ ગુજરાતની ટકાઉ વિકાસના મુદ્દાને લઈને આવો એક અહેવાલ તૈયાર કરી શકાય.

નાણાં એ વિકાસ માટેનું સાધન છે. માનવ સુખાકારી એનું લક્ષ્ય છે.આર્થિક રીતે સમૃધ્ધ ગુજરાત રાજયમાં માનવ સુખાકારી અને કલ્યાણ વધે તો માનવ વિકાસની દ્રષ્ટિએ પ્રથમ ક્રમનું રાજય બને.

ડો રોહિત શુકલએ જણાવ્યું હતુ કે, માનવ વિકાસને યોજના અને અંદાજપત્રની ફાળવણીમાં અગ્ર ક્રમ આપવો જોઈએ. શિક્ષણ, સ્વાસ્થ્ય અને પીવાનું પાણી માટે એક ચોકકસ ન્યૂનતમ ખાત્રી હોવી જોઈએ. કેન્દ્ર સરકારની યોજનાએ NREGA ઈન્દિરા આવાસ યોજના, PURA એ યોજનાઓનો નિષ્ઠાપૂર્વક અમલ થવો જોઈએ.

શ્રી જી. કે વ્યાસ, નિયામકશ્રીએ માનવ વિકાસ નિયામકની કચેરી દ્વારા સરકાર દ્વારા પુરસ્કૃત વિવિધ યોજનાઓની માહિતી આપતાં જણાવ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં રાજય સરકાર દ્વારા સામાજીક સેવાઓ પાછળ ખર્ચનું પ્રમાણ વધારવામાં આવ્યું છે. રાજય દ્વારા શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે એનરોલમેન્ટ વધારવા માટે, ડ્રોપ આઉટ રેટ ઘટાડવા માટે અને કુપોષણ અટકાવવા માટે વિવિધ યોજનાઓ દ્વારા ઘનિષ્ટ પ્રયાસ કરવામાં આવ્યાં છે.



પેનલ ડીસ્કસનમાં શ્રી હેમંત શાહ, પ્રો. રોહિત શુકલ, દેવી પ્રસાદ અને પ્રો. ભાસ્કર મજમુદારે માનવ વિકાસના વિવિધ પાસાઓ અંગે મંતવ્યો રજૂ કર્યા હતા. ડૉ. બી.વી.આચાર્યએ પેનલ ડીસ્કસનનું પ્રમુખ સ્થાન શોભાવ્યું હતું.

## યુ.જી.સી.

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, નવી દિલ્હીની P.G. Indira Gandhi Scholarship For Single Girl Child (2009 - 11) સ્કીમ અંતર્ગત યુનિવર્સિટીના ઈકોનિકોમિકસ વિભાગની છાત્રાઓ : (1) Gamit Manishabahen Dhuljibhai (2) Desai Dharaben Rohitbhai અને (3) Shaikh Naurinbanu Gulammurtuzaની પસંદગી થયેલ છે.

## સ્પર્ધા

તા. ૨૫-૦૨-૧૦ અને ૨૬-૦૨-૧૦ના રોજ એમ.જી. સાયન્સ ઈન્સ્ટીટયૂટ અમદાવાદમાં યોજાયેલ નેશનલ લેવલ સેમીનારમાં Deptt. of Statisticsના વિદ્યાર્થીઓએ Quiz Competition માં ભાગ લીધો હતો. જેમાં પ્રથમ ક્રમે Sem - IV ની Mandaviya Shital અને Sem - II ના વિદ્યાર્થીઓ પૈકી Parmar Nitin અને Patil Parul આવ્યા હતા. દ્વિતીય ક્રમે Sem - IIના વિદ્યાર્થીઓ Ukani Piyush અને Shah Varsha અને તૃતીય ક્રમે એમ.ફિલ.ની Monika Shah આવી હતી. જેમને અનુક્રમે રૂા. ૩૦૦/-, રૂા. ૨૦૦/- અને રૂા. ૧૦૦/- પ્રતિ વિદ્યાર્થી રોકડા ઈનામ પણ મળ્યું હતું. અભિનંદન

## Conference, Journals and Workshop

યુનિવર્સિટીના એમ.એસસી.આઈ.ટી.ના અધ્યાપકોએ નીચે દર્શાવેલ વિગત અનુસાર ઈન્ટરનેશનલ અને નેશનલ સેમિનારમાં ઉપસ્થિત રહી શોધપત્રો પ્રસ્તુત કર્યા હતાં. (1) Mr. Kamlendu Pandey : Fifth International Conference WCSN-09 , IEEE conference at IIIT-Allahabad on 19-21 Dec-09 (Paper: Design of Collaborative Wireless Sensor Networks using SOA approach)(2) Mr. Pushpal Desai: 2nd International Conference on Business & Management Education 25th January 28th January 2010, Bangkok, Thailand. (Paper: Multi-channel Order Fulfillment System for Small-Medium Scale Enterprises using Software-as-a-Service Architecture) (3) Mrs. Dilber Gulestan ; International Conference on Interactive Media and Pedagogy at H M Patel Institute of English Training & Research, Vidyanagar, 8-10 January 2010 (Paper : A survey and study of the non use of technologies in ELT through factor analysis method) (4) Mr. Tejas Shah, Mr. S V Patel : National Conference on Advance Computing (NCAC 09), G H Patel College of Engineering and Technology, Vidyanagar, 12-13 December 2009 (Paper: Architecture for Providing Knowledge As A Service (KaaS), A New Paradigm on Academic Cloud) (5) Mr. Dhaval Joshi, Mrs. Payal Pandya, Mr. S V Patel : National Conference on Advance Computing (NCAC 09), G H Patel College of Engineering and Technology, Vidyanagar, 12-13 December 2009 (Paper: Security Strategies for Cloud Computing (6) Mrs. Parul Patel : National Conference on Advance Computing (NCAC 09), G H Patel College of Engineering and Technology, Vidyanagar, 12-13 December 2009 (Paper: Enhancing Security for E-Commerce Transactions with PGP) (7) Mrs. Veena Jokhakar, Mr S V Patel : National Conference on Advance Computing (NCAC 09), G H Patel College of Engineering and Technology, Vidyanagar, 12-13 December 2009 (Paper: Secure Life Cycle Approach for Data Warehouse)

યુનિવર્સિટીના એમ.એસસી.આઈ.ટી.ના અધ્યાપકોનાં નીચે દર્શાવેલ વિગત અનુસાર જર્નલ્સમાં સંશોધનપત્ર પ્રસિધ્ધ થયેલ છે.

(1) Mrs. Roohana Parabia (Journal: International Journal of Advanced Engineering and Applications. Paper: Trade and Tricks: Traditional vs. Virtual Data Warehouse (2) Mr. Hitesh Lad )Journal: National Journal of System and Information Technology. Vol. 2, No 2, Dec 2009.Paper: RC-5 Protocol based Embedded Control System for Home Securities.

યુનિવર્સિટીના એમ.એસસી.આઈ.ટી.ના અધ્યાપકોએ નીચે દર્શાવેલ વિગત અનુસાર વર્કશોપમાં ભાગ લીધો. (1) Mr. Pushpal Desai, Mrs. Veena Jokhakar Mrs. Payal Joshi and Mrs. Parul Patel )Workshop name: AICTE sponsored STTP on Data Warehousing and Data Mining at SVNIT, Surat December 28th - 1st January 2010) (2) Mr. Tejas Shah and Mr. Dhaval Joshi (Workshop name: AICTE sponsored STTP on Advances in Data Structures at SVNIT, Surat December 14th - 18th 2009 (3) Mr. Shailesh Chaudhari (Workshop name: AICTE sponsored STTP on Data Mining Applications and Techniques at SVNIT, Surat February 8th- 12th 2010

# કોલેજ ન્યૂઝ

## સ્વર્ણિમ ગુજરાત

- એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બિલિમોરામાં સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા-સમુદયસેવા ધારા અંતર્ગત 'મહિલાઓ માટે કાયદાકીય જોગવાઈઓ' વિષય ઉપર એડવોકેટ શ્રીમતી ગીરીબાલાબેન આચાર્યનું વ્યાખ્યાન યોજાઈ ગયું.
- સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત પ્રો. વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી. પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ. શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), આર.કે. શાહ વિમેન્સ આર્ટસ કોલેજ, અમરોલી દ્વારા "આંતર કોલેજ પુસ્તક પરિચય સ્પર્ધા"નું આયોજન લાઈબ્રેરી ફેન કલબના સભ્યો દ્વારા તારીખ ૨૫

જાન્યુઆરી ૨૦૧૦ના રોજ કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સુરત જીલ્લાની કોલેજોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બી.આર.સી.એમ. કોલેજની અંજલી શાહે પ્રથમ ક્રમ, ઉધના સીટીઝન કોલેજના કુબાવાલા મુસ્તુફાએ દ્વિતીય ક્રમ જે.બી. ધારૂકાવાલા કોલેજની માલાની વંદનાએ તૃતીય ક્રમ તેમજ નવયુગ આર્ટસ કોલેજની વિદ્યાર્થિની જીવીયા રીકીતાએ આશ્વાસન ઈનામ મેળવ્યું હતું.

તા. ૯-૧-૨૦૧૦ના રોજ સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત 'હિન્દ સ્વરાજ' પુસ્તક પર ગુજરાત ઈતિહાસ પરિષદ દ્વારા આયોજીત કસોટીમાં જે.પી. પારડીવાલા આર્ટસ-કોમર્સ કોલેજ, કિલ્લા પારડીના ઈતિહાસ વિષયના ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

## પારિતોષિક વિતરણ



સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત, સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરત દ્વારા તા. ૧૯-૦૨-૨૦૧૦ના રોજ તારામોતી ભવનમાં વિદ્યાર્થીઓએ શિક્ષણ, રમતગમત, તથા અન્ય ક્ષેત્રે મેળવેલી વિશિષ્ટ સિધ્ધિઓને બિરદાવવા વાર્ષિક પારિતોષિક વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારંભના મુખ્ય મહેમાન તરીકે પ્રખર શિક્ષણશાસ્ત્રી ડૉ. સી. ઝેડ. શાહ, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીનાં પ્રથમ ઉપાધ્યક્ષ શ્રી રમેશભાઈ શાહ તથા સ્થાનિક વહીવટી સમિતિનાં અધ્યક્ષ શ્રી કિશોરભાઈ દેસાઈ ઉપસ્થિત રહયાં હતા. પ્રાર્થના અને દીપપ્રાગટય બાદ ઈનચાર્જ આચાર્ય ડૉ. એસ. પી. કાપડીયાએ સ્વાગત પ્રવચન કરી, મહેમાનોને આવકાર આપ્યો હતો અને પુષ્પગુચ્છથી સન્માનિત કર્યા હતા. મહાનુભાવોએ વિદ્યાર્થીઓની વિશિષ્ટ સિધ્ધિઓની મુકત કંઠે પ્રશંસા કરી સર્વેને ઈનામો એનાયત કર્યા હતા. આ પ્રસંગે ભૂતપૂર્વ આચાર્ય ડૉ. એ. જી. મહેતા તથા શ્રી અકબર લોખંડવાલાનું કોલેજની લાઈબ્રેરીને અમૂલ્ય પુસ્તકો અપાવવા બદલ વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

જે.ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૧૮-૦૨-૨૦૧૦ના રોજ શૈક્ષણિક, રમત-ગમત, સાંસ્કૃતિક, એન.એસ.એસ., એન.સી.સી.માં તેજસ્વી પ્રતિભાશાળી તથા ઉલ્લેખનીય સિધ્ધિઓ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામ એનાયત કરવાનો કાર્યક્રમ પ્રમુખશ્રી કાંતિલાલ શાહના અધ્યક્ષસ્થાને યોજાઈ ગયો. જેમાં સર્વશ્રી દિનેશભાઈ દાસા, પ્રિ. યુ.ટી.દેસાઈ, શ્રી જે.એમ. નાયક, પ્રિ. જે.બી. શાહ, પ્રિ. આઈ.એમ.પટેલ, શ્રી બંટીભાઈ શાહ, શ્રી કિશોરભાઈ વાઘેલા, ઈ.ચા. આચાર્યશ્રી પાડવી હાજર રહયા હતા. મુખ્ય મહેમાનોનો આવકાર પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ આપ્યો.

## નિવૃત્ત

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના પ્રો. કે.સી. અજવાળિયા વયમર્યાદાને કારણે નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ પ્રિ. ડૉ. જે.એમ. નાયકના પ્રમુખપદે યોજાઈ ગયો. આચાર્યશ્રીને હસ્તે પ્રશસ્તિપત્ર અને સાલ આપવામાં આવી. કોલેજ પરિવારે ભાવસભર વિદાય આપતાં સ્મૃતિચિહન અર્પણ કરવામાં આવી હતી.

## વાર્ષિકોત્સવ

જય ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત સંચાલિત શ્રીમતી જી.એન. પંડયા બી એડ્. અને બી.સી.એ. કોલેજના ઉપક્રમે વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં સમારોહના અધ્યક્ષ શ્રી નરોત્તમભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે શિક્ષણ વિદ્યાશાખાના ડીન શ્રી ડૉ. જે.પી. ગોહિલ, આર.ટી.ઓ. ઓફિસર શ્રી જે.એન. વાઘોલા, સામાજીક અગ્રણી શ્રી શેલેશભાઈ ગોનાવાલા હાજર રહયા હતા. ટ્રસ્ટશ્રી પંડયાએ મહેમાનોનો પરિચય આપી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલે વિદ્યાર્થીઓને પોતાના અનુભવો વર્ણવી આશીર્વચનો આપ્યા હતા. ડૉ. જે.પી. ગોહિલે વાર્ષિક પરીક્ષા માટે તેમજ ઉજ્જવળ ભવિષ્ય માટેની શુભકામના પાઠવી હતી. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

श्री सरस्वती हिन्दी महाविद्यालय, सुरत द्वारा दिनांक २८-१-२०१० को आर्य समाज भवन में वार्षिक उत्सव" एवं पुरस्कार वितरण" का आयोज्न किया गया । जिसमे मुख्य अतिथि सर के.पी. कोलेज के प्राचार्य डो. यु.टी. देसाई, ट्रस्टीगण एवं अतिथि, अभिभावकगण उपस्थित रहे । इसमे महाविद्यालय के छात्र-छात्राओं द्वारा सांस्कृतिक कार्यक्रम प्रस्तुत किया गया एवं छात्रो मे पुरस्कार वितरण किया गया ।

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં શ્રી જે.બી. પટેલ તથા પ્રિ. ડૉ. દિનુભાઈ નાયકની ઉપસ્થિતિમાં ૩૭મો વાર્ષિકોત્સવ યોજાઈ ગયો. જેમાં પ્રિ. ડૉ. જે.એમ. નાયકે પ્રવૃત્તિઓ અને આયોજનની માહિતી આપી હતી. ઉપસ્થિત મહેમાનશ્રીઓને પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યુ હતું.

## શોધ પત્ર

તા. ૬-૭ ફેબ્રુઆરી, ૨૦૧૦ દરમ્યાન એમ. એચ. ગારડી સ્કુલ ઓફ મેનેજમેન્ટ, રાજકોટ મુકામે યોજાયેલ દ્વીદિવસીય ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં શેઠ સી.ડી. બરફીવાલા કોલેજ ઓફ કોમર્સ, સુરતના અધ્યાપિકા ડૉ. રૂપાલી શાહ તથા અધ્યાપક ડૉ. રોશન પટેલે "IFRS - A global concept & key differences with Indian Gaap" વિષય ઉપર સંશોધન પેપર રજૂ કર્યુ હતું.

## વ્યાખ્યાન

તા. ૯મી ફેબ્રુઆરીના રોજ કડકિયા વિદ્યાગ્રામ, અંકલેશ્વર ખાતે શ્રી મણિલાલ હરિલાલ કડકિયા ચેરિટેબલ ટ્રસ્ટના ઉપક્રમે સ્થાપક દિન વ્યાખ્યાન શ્રેણીના ૧૯મા વ્યાખ્યાન સમારોહમાં ગુજરાત સરકારના પૂર્વ મુખ્ય સચિવશ્રી પી.કે. લહેરીએ "તમારું અને દેશનું ભવિષ્ય તમારા હાથમાં" વિષય ઉપર વ્યાખ્યાન આપતાં શ્રી પી.કે. લહેરીએ જણાવ્યું કે, ૨૧ મી સદી ભારતની સદી બની રહે. જ્ઞાનના આ યુગના ગુરુપદે આપણો દેશ હોય ન કોઈ દરિદ્ર હોય. ન કોઈ દલિત હોય, ન કોઈ શોષિત હોઈ, ન કોઈ શિક્ષણ કે સારવાર માટે તરફડતું હોય, ન કોઈ સ્ત્રીની ભ્રૂણહત્યા, ન વ્યસનથી જીવન બરબાદ થતું હોય, અંધશ્રધ્ધા અને વહેમની પકડથી મન મુકત હોય, રાષ્ટ્ર અને દેશવાસીઓ માટે અનહદ પ્રેમ હોય તેવા સુખી, સમૃધ્ધ અને શકિત શાળી દેશના તમે આદર્શ નાગરિક બનો.

સ્થાપના દિન સમારોહના અધ્યક્ષસ્થાને કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ ઉપસ્થિત રહયા હતા. વિવેકાનંદના પ્રેરક વિચારો વડે આપણે યુવાનોમાં સર્વાંગી વિકાસ માટે આહ્‌વાન કર્યુ એરિસ્ટોટલ, ફ્રોઈડ, બેન્જામિન ફ્રેંકલીન, એડવિન ટોફલર તથા ચિંતકોના મંતવ્યો દ્વારા માણસ અન્ય જીવો કરતાં કેવો ચડિયાતો છે એની એમણે મીમાંસા કરી હતી. શિક્ષણના મુખ્ય ત્રણ પ્રમુખ કર્તવ્યો વિશે વાત

કરતાં મન, બુધ્ધિ તથા હૃદયની શકિતઓ ઓળખાવી, વિસ્તારવી અને એકમેકમાં ઓગાળવી - એ પર ભાર મૂકયો હતો.

પ્રા. નરેશ વાઘેલા તથા પ્રા. વિજય વાળાએ ગુજરાતી વિષયમાં ડૉ. જગદીશ ગુર્જરના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની ડીગ્રી મેળવી એ બદલ શ્રી પ્રવીણ લહેરી દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. અન્ય તેજસ્વી વિદ્યાર્થીઓને પણ પારિતોષિકો આપવામાં આવ્યાં હતા.

ડૉ., જગદીશ ગુર્જરે મહાનુભાવોનો પરિચય કરાવ્યો હતો. ટ્રસ્ટીશ્રી ડૉ. નિરંજન પંડયાએ આભાર દર્શન કરાવ્યું હતું.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશનના બી.એડ્. તથા એમ.એડ્ વિભાગ, સુરતના તાલીમાર્થીઓને પૂણેની યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના પ્રો. શ્રી સંજીવભાઈ સોનવણેએ ''કન્સ્ટ્રકશન ઓફ નોલેજ એન્ડ ગ્લોબલ ટીચર'' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પુરસ્કૃત આંતરકોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે મહેમાનનો પરિચય અને આવકાર આપ્યો. આંતરકોલેજ વ્યાખ્યાનમાળા-૨માં શિક્ષણ વિભાગના રીડર ડૉ. રાયસિંગભાઈ ચૌધરીએ શૈક્ષણિક ટેકનોલોજીના માધ્યમ લેપટોપ અને એલસીડી દ્વારા Swot Alalysis પર પોતાનું વકતવ્ય રજૂ કર્યું હતું અને તાલીમાર્થીઓને મુદ્રિત સામગ્રી પણ પૂરી પાડી હતી.

Indian Physics Association, Surat Chapter અને ભૌતિકશાસ્ત્ર વિભાગ સર પી. ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતના સંયુકત ઉપક્રમે તા. ૨૩-૦૨-૨૦૧૦ના રોજ ડૉ. એસ.પી. પંડયા મેમોરિયલ લેકચર સીરીઝ અંતર્ગત એમ.એસ. યુનિવર્સિટી, વડોદરાના નિવૃત્ત પ્રો. ડૉ. મધુબેન શાહનું ''Physics Education'' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સમારંભના પ્રમુખ અને IPA - Surat Chapterને આ પ્રકારની પ્રવૃત્તિ માટે માતબર દાન આપનાર તથા VNSGU, Suratના ભૌતિકશાસ્ત્ર વિભાગના ભુતપૂર્વ અધ્યક્ષ એવા પ્રો. ડૉ. બી. આઈ. શેઠએ પ્રો. ડૉ. એસ.પી. પંડયા સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા તથા તેમની પ્રતિભાની હાજર રહેલા સૌને ઝાંખી કરાવી હતી. ત્યાર બાદ મુખ્ય વકતા પ્રો. મધુબેન શાહે તેમના વ્યાખ્યાનમાં બી.એસસી. તથા એમ.એસસી.ના વિદ્યાર્થીઓને રસતરબોળ કર્યા હતા. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી પણ રાખવામાં આવી હતી.

## સેમિનાર




શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ દ્વારા યોજાયેલ રાષ્ટ્રીય સેમિનાર શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી જે.પી. શ્રોફ આર્ટસ કોલેજ, વલસાડ ખાતે તા. ૨૪,૨૫ જાન્યુઆરી-૨૦૧૦ના રોજ યી.જી.સી. સ્પોન્સર્ડ ગૃહવિજ્ઞાન વિભાગ દ્વારા બે દિવસીય રાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારનું ઉદ્‌ઘાટન મંડળના સેક્રેટરી શ્રી પી.કે. શાહના ટૂંકા ઉદ્‌બોધનથી તથા જાણીતા આર્કિટેકચર શ્રી સરોશ વાડિયાની કી-નોટ સ્પીચથી થયું હતું. રાષ્ટ્રીય સેમિનારના મુખ્ય મહેમાન પદે વાઈસ ચાન્સેલરશ્રી બી.એ. પ્રજાપતિએ ઉપસ્થિત રહી, સેમિનારને બિરદાવ્યો હતો. સેમિનારમાં શોધકર્તાઓએ શોધપત્રો રજૂ કર્યા હતા. 'હોમડેકોર' નામાભિધાન પામેલ આ સેમિનારમાં વલસાડ જિલ્લાના જુદા જુદા કલાકારો દ્વારા ઓકરી, ગ્લાસ પેન્ટીંગ, સ્ટેચ્યુ મેકિંગ તથા રંગોળીનું લાઈવ ડેમોસ્ટ્રેશન પણ યોજવામાં આવ્યું હતું.

આર્ટસ-કોમર્સ કોલેજ, ચીખલીમાં તા. ૨૫-૧-૨૦૧૦ના રોજ 'છાયાવાદ ઔર આજ' વિષય ઉપર સેમિનાર યોજાઈ ગયો. જેમાં ૧૨૦ પ્રતિનિધિઓએ ભાગ લઈ ૪૦ સંશોધનપત્રોનું વાચન કર્યું હતું. ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. યોગેશ દેસાઈએ કોલેજનો પરિચય આપીને કોલેજ પરિવારના વિવિધ કૌશલ્યો માટે ગૌરવ અનુભવ્યું હતું. યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્ય વિભાગના પૂર્વ અધ્યક્ષ ડૉ. સવિતા ગૌડે અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું. ટ્રસ્ટીશ્રી શ્વેતલભાઈએ કોલેજની પ્રગતિનો ખ્યાલ આપ્યો હતો. આ સેમિનારમાં વિષય તજજ્ઞ તરીકે ગુજરાત યુનિવર્સિટીના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. રંજના આરગડે તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના હિન્દી વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. બી.કે. કલાસવાએ કામગીરી બજાવી હતી.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં યુનિવર્સિટી સંલગ્ન અર્થશાસ્ત્ર અને નામાનાં મૂળતત્વો પધ્ધતિના અધ્યાપકોના સંદર્ભમાં સંસ્થાના સેક્રેટરી શ્રી મેહુલભાઈ જોષીના અધ્યક્ષપણા હેઠળ કાર્યશિબિરનું આયોજન થયું. જેમાં ઉદ્‌ઘાટક તરીકે યુનિવર્સિટીના શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રી પ્રિ. ડૉ. જયેન્દ્રસિંહ ગોહિલ તથા અતિથિ વિશેષ તરીકે વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજના પ્રિ. ડૉ. વિનોદભાઈ પટેલ અને પ્રશ્નબેંકના કન્વીનર પ્રા. ડૉ. કિશોરસિંહ દેસાઈ, અધર ધેન ડીનશ્રી પ્રફૂલસિંહ રાજ, દમણ બી.એડ્. કોલેજના પ્રિ. ડૉ. બાબુભાઈ ટંડેલ તથા પ્રા. ડૉ. અશ્વિનીબેન કાપડિયા, ઈ.આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલ તેમજ અન્ય બી.એડ્. કોલેજના આચાર્યા અને અધ્યાપકો ઉપસ્થિત રહયા હતા. જેમાં ઈ.આચાર્ય ડૉ. દિલીપભાઈ પટેલે મહેમાનશ્રીનો આવકાર પરિચય આપી પુષ્પગુચ્છ વડે સ્વાગત કર્યું હતું. આ સેમિનારમાં અર્થશાસ્ત્ર અને નામાનાં મૂળતત્વો પધ્ધતિના સંદર્ભમાં અભ્યાસક્રમ, પ્રોજેકટ, પ્રાયોગિક કાર્ય, પ્રશ્નપત્ર અને પાઠ આયોજન અંગેની તંદુરસ્ત ચર્ચા હાથ ધરીને કાર્યશિબિરને સફળ બનાવી હતી. સમાપન સમારોહમાં ટ્રસ્ટી શ્રી વિપુલભાઈ જોષી, અતિથિ વિશેષ તરીકે ખરોડ બી.એડ્. કોલેજના પ્રિ. ડૉ. પ્રફૂલસિંહ રાજ અને દમણ બી.એડ્. કોલેજના પ્રિ. ડૉ. બાબુભાઈ ટંડેલ તથા પ્રિ. વિનોદભાઈ પટેલ અને ડૉ. કે.વી. દેસાઈ હાજર રહયા હતા.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન (બી.એડ્.) અને ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ્.), સુરતના સંયુકત ઉપક્રમે તા. ૨૭-૦૨-૨૦૧૦ના રોજ "Developing Self Learning Material" વિષય પર વર્કશોપ યોજાયો હતો. જેમા ૬૦પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો. પરામર્શક તરીકે ડૉ. ઉમેદસિંગ જયારે મુખ્ય અતિથિ શિક્ષણ શાખાના ડીન જે.પી. ગોહિલ, વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજના ડૉ. વી.જી. પટેલ હાજર રહયા હતા.

ગુજકોસ્ટ અને બી.પી. બારિયા સાયન્સ ઈન્સ્ટિટયૂટ, નવસારીના ઉપક્રમે તા. ૧૧-૨-૨૦૧૦ના રોજ ચેલેન્જીસ ઈન કેમીસ્ટ્રી વિષય ઉપર રાજયકક્ષાનો સેમિનાર યોજાઈ ગયો. જેમાં પ્રો. ડૉ. કે.આર. દેસાઈ, પ્રો. ડૉ. સી.વી. રોડે, પ્રો. ડૉ. અનામિકા શાહ અને શ્રી વૈભવ મહેતાએ વકતવ્ય આપ્યાં હતાં. આ સેમિનારમાં ૯૦ જેટલા અધ્યાપકો તેમજ ૧૬૫ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## આરોગ્ય

श्री सरस्वती हिन्दी महाविद्यालय, सुरत द्वारा दिनांक २३-०१-२०१० को सुभाषचन्द्र बोस जयन्ती" के अवसर पर रक्तदान शिविर का आयोजन महाविद्यालय प्रांगण में किया गया । जिसमें व्याख्यातागण सहित छात्र संघ प्रतिनिधि एवं छात्रो ने रक्तदान किया ।

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં તા. ૧૦-૨-૨૦૧૦ના રોજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, વલસાડ જિલ્લાના શાખા સેક્રેટરી ડૉ. યઝદી ઈટાલિયાના અધ્યક્ષપદે પ્રાથમિક સારવાર તાલીમ શિબિર યોજાઈ ગઈ. જેમાં ડૉ. અભય ઝવેરી, શ્રી અમૃતભાઈ પ્રજાપતિએ વિદ્યાર્થીઓને વિવિધ આરોગ્યલક્ષી સારવારની માહિતી આપી. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે ઉત્સાહ અને જાગૃતિ બદલ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર વ્યારા દ્વારા તા. ૨૫-૧૨-૨૦૦૯થી ૨૭-૧૨-૨૦૦૯ દરમ્યાન ચતુર્થ સર્જીકલ કેમ્પ કરવામાં આવ્યો હતો. જેમાં ૨૯૩ દર્દીઓની તપાસ અને ૨૦૭ દર્દીઓના ઓપરેશન વિના મૂલ્યે કરવામાં આવ્યા હતા. આ કેમ્પમાં ભારત સરકારના આદિજાતી વિકાસ વિભાગના ડૉ. તુષારભાઈ ચૌધરી ઉપસ્થિત રહયા હતા. તા. ૨૩-૧-૨૦૧૦ થી ૨૭-૧-૨૦૧૦ દરમ્યાન ભારત સરકારના નેશનલ કેમ્પેઈન ઓફ હોમિયોપેથી ફોર મધર એન્ડ ચાઈલ્ડ કેર અંતર્ગત 'આયુષ' વિભાગના માર્ગદર્શન હેઠળ રાજયકક્ષાનો વર્કશોપ યોજાઈ ગયો. જેમાં પ્રતિષ્ઠિત સ્ત્રી તથા બાળરોગ નિષ્ણાંતો ઉપસ્થિત રહયા હતા. ઉપસ્થિત તજજ્ઞોએ માતા-બાળકના જીવનમાં હોમિયોપેથિક દવાઓ કઈ રીતે મદદ કરે છે તે અંગે માહિતી આપી હતી. તા. ૧-૧-૨૦૧૦ થી ૩૧-૧-૨૦૧૦ દરમ્યાન પંચોલી સમાજ મહિલા મંડળ આરોગ્ય તપાસ કેમ્પ યોજાઈ ગયો. જેમાં ૧૨૮ બહેનોના આરોગ્યની તપાસ કરવામાં આવી. તદ્‌પરાંત તા. ૪-૨-૨૦૧૦ના રોજ માનસિક રોગોના નિદાનનો કેમ્પ યોજાઈ ગયો. જેમાં ૩૯ જેટલા દર્દીઓએ ભાગ લીધો.

## સ્પર્ધા

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બિલિમોરામાં તા. ૨૭-૧-૨૦૧૦ના રોજ યોજાયેલ દેશભકિત ગીત સ્પર્ધામાં પ્રથમ : ખલીફા સોએબ, દ્વિતિય : ખલીફા સોહિલ અને મૈસુરિયા, મૈસુરિયા તરૂણ અને તૃતીય : સીમા ઢીમ્મર વિજેતા રહયા હતા. તા. ૨૮-૧-૨૦૧૦ના રોજ યોજાયેલ વાનગી સ્પર્ધામાં પ્રથમ : સુરતી કૃપાલી, દ્વિતિય : આર્ય વાગેશ્રી વિજેતા રહયા હતા. તા. ૧૮-૧-૨૦૧૦ના રોજ યોજાયેલ દોડ સ્પર્ધામાં દ્વિતિય : બી.એ. નાયકા, ચતુર્થ : જે.પી. પટેલ અને પી.ડી. પટેલે પાંચમો ક્રમ મેળવ્યો હતો. તદપરાંત તા. ૧૨-૧-૨૦૧૦ના રોજ વિવેકાનંદ જયંતી પ્રસંગે 'સ્વામી વિવેકાનંદ યુગપુરૂષ' વિષય પર નિબંધ સ્પર્ધા, વકતવ્ય રજૂ થયાં હતાં. પ્રા. હેમાંગીનીબેન સરૈયાએ વિવેકાનંદના જીવન-કવન વિશે માહિતી આપી.

On 13-2-2010 Inter law colleges moot court competition was organized by Shah K.M. Law College, Valsad. All Law colleges of VNSGU had taken part. Shri Mali and Shri Parmar of Valsad district Consumer Forum had rendered their valuable services as Hon'ble law Judges. The team of V.T. Choksi law college, Surat won the rotating trophy. The team of V.T. choksi law college, Surat got 59/100 and the team of Shah K.M. Law College, Valsad got 56/100. The individual first prize winners were Miss Shakina Parsi (31/50) of Shah K.M. Law College, Valsad & Miss Vrusti Patel (31/50) of V.T. Choksi Law College, Surat.

## સમારોહ

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૨૦૧૦ દરમ્યાન એમ.કોમ. પાર્ટ-૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિદાય-શુભેચ્છા સમારોહ પ્રિ. ડૉ. જે.એમ. નાયકના પ્રમુખપદે અને શ્રી હાર્દિક નાયકના મુખ્ય મહેમાનપદે યોજાઈ ગયો. આ પ્રસંગે પ્રિ. ડૉ. જે.એમ. નાયકે વિદાય લેવા વિદ્યાર્થીઓને ટોલ્સટોય અને વિવેકાનંદના જીવનમાંથી પ્રેરણા લેતા જણાવ્યું હતું.

શ્રી હાર્દિક નાયકે પોર્ટફોલિયો મેનેજમેન્ટ પર વાત કરતાં જણાવ્યું હતું કે જીવનનું લક્ષ્ય નકકી હોવું જોઈએ-તમો આવનારા વર્ષોમાં કયાં હશો તથા તમારે શું બનવું છે તે નકકી કરવું પડશે. રોકાણ કરતી વખતે ઈમોશનલ નહીં બનતા ઈન્ટેલેકચ્યુઅલી નિર્ણય લેવા પડે છે.

પ્રા. વી.એમ.કેવતે વિદ્યાર્થીની આગવી છાપ ઊભી થાય તે માટેના પ્રયત્નોની વાત કરી શુભેચ્છા પાઠવી હતી.

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ



સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતના ભૌતિકશાસ્ત્રના વિભાગ દ્વારા તા. ૧૮-૦૨-૨૦૧૦ના રોજ "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ"ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સવારે વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા પ્રોજેકટ તથા પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રોજેકટ સ્પર્ધામાં ટી.વાય.બી.એસસી.ના શ્રી દર્શન ગબાણી તથા પોસ્ટર સ્પર્ધામાં એસ.વાય. બી.એસસી.ની કુ.નેહા જરીવાલાને પ્રથમ ઈનામ મળ્યું હતું. બપોરે SVNIT, સુરતના ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષશ્રી ડૉ. કે.એન. પાઠકનું "COSMOLOGY" વિષય પર રસપ્રદ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ એફ. વાય. બી. એસસી.ના વિદ્યાર્થીઓ દ્વારા "Global Warming/Cooling" વિષય પર એક રસપ્રદ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું.

## પીએચ.ડી.

સરકારી વિનયન અને વાણિજય કોલેજ, સોનગઢના ઈ.ચા. પ્રિ. રાજેશભાઈ અમૃતભાઈ પટેલએ सर्वेश्वर दयाल सक्सेना के कथा साहित्य में नारी – चित्रण' વિષય પર પ્રિ. ડૉ. અશોકભાઈ કે. શાહના માર્ગદર્શન પર હેઠળ તૈયાર કરેલ શોધ નિબંધને માન્ય રાખી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતએ પીએચ.ડી.ની. પદવી એનાયત કરી છે. અભિનંદન.

નવયુગ આર્ટસ કોલેજ, સુરતના પ્રા. ચેતનકુમાર બી.મોદીએ 'ગુજરાતીમાં અમેરિકા વિષયક પ્રવાસ વર્ણનો' વિષય પર તુલનાત્મક સાહિત્યના પૂર્વ અધ્યક્ષ પ્રો. ડૉ. અશ્વિન દેસાઈના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ શોધ નિબંધને માન્ય રાખી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતએ પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. અભિનંદન.

## અધિવેશન



અંબાબા કોમર્સ કોલેજ અને મણીબા ઈન્સ્ટીટ્યૂટ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ અને બી.સી.એ. કોલેજ સાબરગામના ઉપક્રમે ફોરમ ઓફ ધી ટીચર્સ ઓફ ઈકનોમિક્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર સુરતનું ૩૧મું વાર્ષિક અધિવેશન યોજાયું. આ અધિવેશનમાં મુખ્ય ઉદ્દ્બોધન ગુજરાતના પૂર્વ નાણાંમંત્રી શ્રી સનતભાઈ મહેતા કર્યું હતું. અતિથિવિશેષ તરીકે કુલપતિ ડૉ. બી.એ. પ્રજાપતિ, કુલસચિવ શ્રી જે.આર. મહેતા, શ્રી ગોવિંદભાઈ ધોળકીયા અને એ.પી.એમ.સી.ના ચેરમેન રમણભાઈ(જાની) હાજર રહયા હતા. આ અધિવેશનમાં દક્ષિણ ગુજરાતની વિવિધ કોલેજના અર્થશાસ્ત્રના અધ્યાપકો દ્વારા ચિંતન રજુ કરવામાં આવ્યું. આ અધિવેશનના પ્રારંભમા સંસ્થાના પ્રમુખ બળદેવસિંહજી મહીડા, મંત્રીશ્રી ઈશ્વરલાલ ગો. પટેલે આવકાર અને પ્રાસંગિક ઉદ્દ્બોધન કર્યુ હતું. કેમ્પસ નિયામક ડૉ. જે.જી. પરમારે મહેમાનોનો પરિચય આપ્યો હતો. ડૉ. વિજય જોષી, ડૉ. ગિરિશ જોષી, ડૉ. ચરણ, ડૉ. શ્રી નિવાસ રાવ, ડૉ. કીર્તિબેન, ડૉ. ક્ષોત્રિય અને ડૉ. રામીએ યુનિવર્સિટી કક્ષાએ અર્થશાસ્ત્રના વિષયની પરિસ્થિતિ અને યુ.જી.સી. માર્ગદર્શન અંગે વિચારણામાં તથા નિષ્ણાત તરીકે સેવા આપી હતી. આ ફોરમના કન્વીનર ડૉ. કિરણ પંડયા દ્વારા ફોરમ વતી અને સાબરગામ કોલેજ પરિવાર તરફથી ઈ.ચા. પ્રિન્સીપાલ ડૉ. યોગેશ વાંસિયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.



# વાચન વિશેષ

## માતૃભાષાની સેવા

...જીવનનાં મહામૂલાં વર્ષો તેમજ પાઈપાઈ બચાવીને એકઠી કરેલી પૂંજીને આવતી કાલની પેઢીની માતૃભાષાના પ્રેમ પાછળ રોકનારી આ વ્યકિત એટલે સ્ટેન્ડફોર્ડ મહાવિદ્યાલયનો અનુસ્નાતક એવા કેલિફોર્નિયા રાજયના બાંધકામ ખાતાના એક સિનિયર એન્જિનિયર ભાઈ કિરીટ શાહ. આ વિરલ વ્યકિતએ પોતાની માતૃભાષાના પ્રેમ પાછળ ૬૦ થી ૭૦ હજાર અમેરિકન ડૉલર હસતાં હસતાં ખર્ચીને જગપ્રસિધ્ધ વિશ્વવિદ્યાલય હાર્વર્ડમાંથી પ્રગટ થતાં પુસ્તકોની હરોળમાં ઊભું રહી શકે તેવું મહામૂલું પુસ્તક પ્રસિધ્ધ કર્યું છે, જેમની માતૃભાષા ગુજરાતી નથી તેવા વિદેશીઓને ગુજરાતી ભાષા શીખવાની ઈચ્છા થાય તો તેઓ કઈ રીતે સરળતાથી શીખી શકે તે વિષય પર સંપૂર્ણ સંશોધન કરી વિશ્વભાષા પ્રેમીઓ માટે ભાષા શીખવા માટેનું એક વધારે દ્વાર ઉઘાડી દીધું. ...આ પુસ્તક તેમને ફકત પ્રગટ જ કરવું હોત તો કિરીટભાઈ માટે એક વર્ષનો સમય પૂરતો હતો, પરંતુ કિરીટભાઈના મનની ઈચ્છા હતી કે આ પુસ્તક હાર્વર્ડ યુનિવર્સિટીમાં શિખવાડતી બીજી ભાષા સંગ કદમતાલ મેળવી શકે. છ-સાત મહિનાના સખત પરિશ્રમ બાદ પુસ્તકની કાચી પ્રત તૈયાર થઈ કિંતુ કિરીટભાઈને આ પુસ્તકમાં હજી કંઈ ખૂટતું જણાયું. ક્ષણનો પણ વિચાર કર્યા વિના તેઓ કપાતે પગારે છ મહિનાની રજા લઈ અમદાવાદની યાત્રાએ ઊપડી ગયા. તેમણે ગુજરાતી ભાષાના પ્રખર વિદ્વાનોનાં દ્વાર ખટખટાવ્યાં. ગુજરાત રાજયની બે-પાંચ યુનિવર્સિટીના ગુજરાતી ભાષાના વિભાગમાં ફરી વળ્યા. તેમને ગુજરાતી શીખો પુસ્તક માટે જેટલું માર્ગદર્શન મળ્યું તેની ગાંસડી બાંધી અમેરિકા પાછા ફરી પુસ્તકને ખૂટતાં રંગો આપી. ગુજરાતી શીખો નામનું માહિતીથી છલોછલ પુસ્તક આનંદ સાથે માતૃદિન નિમિત્તે વિદેશમાં વસતી દરેક ગુજરાતી માતાને ભાવભીના વંદન સાથે પોતાના બાળકને ઉત્સાહ સાથે ગુજરાતી ભાષા શીખવવા પુસ્તકને ખોળામાં મૂકયું. ગુજરાતી શીખો પુસ્તક માતૃદિને પ્રગટ કરી કિરીટ શાહે એકસાથે માતાનું. માતૃભાષાનું અને માતૃભૂમિનું ઋણ અદા કર્યું. ગુજરાતી શીખો પુસ્તક વિદેશમાં અને તેમાં પણ ખાસ કરીને અમેરિકામાં બહુ જ મહત્વપૂર્ણ પુરવાર થયું. અમેરિકાની નામાંકિત યુનિવર્સિટીમાં શીખવવામાં આવતી વિદેશી ભાષાઓમાં એક ભાષા ગુજરાતીના પાઠયપુસ્તક તરીકે કિરીટ શાહના પુસ્તકને માન્ય રાખવામાં આવ્યું તે અમેરિકામાં વસતા હરેક ગુજરાતી માટે ગૌરવની વાત છે. (સાભાર : શબ્દની ફ્રેમમાં. લે. પ્રીતમ લખવાણી. પૃ. ૪૮-૫૧)

તમારો સમય મર્યાદિત છે. બીજાના અભિપ્રાયના આધારે જીવવાનું બંધ કરી દો. બીજાના વિચારોના કોલાહલને તમારા અંતરાત્માના અવાજ પર હાવી ન થવા દો. અને સૌથી મહત્વનું છે કે તમારા આત્માના અવાજને અનુસરવાની હિંમત રાખો. તમે જ તમારી જાતને તારી શકો. બાકી બધું જ ગૌણ છે.

સ્ટીવ જોબસ (એપલ કમ્પ્યૂટર્સના સી.ઈ.ઓ.)


VNSGU
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian**

**Published by : Shri J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com